આંક :-

-:: નમૂનો - અ ::-

જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ,
મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૩૦/૦૬/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૧૯૬૮/૨૦૨૪.

ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૨૪૨૩૦૭૩૧/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢ. |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર :<br>(મુળ ફરિયાદી : યુવરાજસિંહ ભોવાનસિંહ જાડેજા) |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. પંચાલ. |
| આરોપી પક્ષ | (૧) ગોપાલભાઇ મસરીભાઇ કંડોરીયા,<br>ઉ.વ.આ. ૨૩, ધંધો-અભ્યાસ,<br>રહેવાસી : દેશીંગા, તાલુકો : માણાવદર,<br>જિલ્લો : જૂનાગઢ.<br>(૨) અભયભાઇ જગદીશભાઇ કંડોરીયા,<br>ઉ.વ.આ. ૧૮, ધંધો-અભ્યાસ,<br>રહેવાસી : દેશીંગા, તાલુકો : માણાવદર,<br>જિલ્લો : જૂનાગઢ.<br>(૩) રૂપેન હરેશભાઇ રાઠોડ,<br>ઉ.વ.આ. ૨૧, ધંધો-અભ્યાસ,<br>રહેવાસી : સણોસરા, રામાપીર મંદિર સામે,<br>તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ. |

| | |
|---|---|
| આરોપીઓ તરફે | વિ.વકીલશ્રી કે. એચ. ધમાણી. |

**-:: નમૂનો - બ ::-**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૦૯/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૦૯/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૯/૦૪/૨૦૨૪ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૦/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૩/૦૩/૨૦૨૫ |
| ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

**-:: આરોપીની વિગત ::-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોપાલભાઇ મસરીભાઇ કંડોરીયા, | ૨૨/ ૦૯/ ૨૦૨૩ | ૦૬/ ૧૦/ ૨૦૨૩ | ઇ.પી.કો. કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | -- | ૧૪ દિવસ |
| ૨ | અભયભાઇ જગદીશભાઇ કંડોરીયા, | -”- | -”- | -”- | -”- | -- | -”- |
| ૩ | રૂપેન હરેશભાઇ રાઠોડ, | -”- | ૦૩/ ૧૦/ ૨૦૨૩ | -”- | -”- | -- | ૧૧ દિવસ |

**-:: નમૂનો - ક ::-**

**: સાહેદોનું લીસ્ટ :**

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૪ | મહેમુદભાઇ હુશેનભાઇ જરા | પંચ સાહેદ |
| ૨ | ૧૬ | હેતલભાઇ મથુરભાઇ રૂધાણી | સાહેદ |
| ૩ | ૧૮ | અલ્તાફભાઇ મુસાભાઇ સીડા | સાહેદ |
| ૪ | ૧૯ | ભરતભાઇ વિસાભાઇ સોઢા | સાહેદ |
| ૫ | ૨૦ | મોહનભાઇ પરબતભાઇ વાસણ | સાહેદ |
| ૬ | ૨૧ | યુવરાજસિંહ ભવનાસિંહ જાડેજા | ફરિયાદી |
| ૭ | ૩૧ | કલ્પેશભાઇ ચંદુભાઇ મોણપરા | સાહેદ |
| ૮ | ૩૪ | કલ્પેશકુમાર બાબુલાલ પટેલ | સાહેદ |
| ૯ | ૪૮ | વિમલભાઇ મગનભાઇ મકવાણા | સાહેદ |
| ૧૦ | ૫૨ | ભુપેન્દ્રભાઇ અરજણભાઇ કછોટ | સાહેદ |
| ૧૧ | ૫૯ | પુરીબેન લખમણભાઇ ડાંગર | સાહેદ |
| ૧૨ | ૬૫ | સંજીવકુમાર નરેન્દ્રસિંહ ક્ષત્રિય | તપાસનીશ અધિકારી |
| ૧૩ | ૭૨ | સરોજબાળા અમૃતલાલ સાંગાણી | તપાસનીશ અધિકારી |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | આરોપીઓનું અટક પંચનામું. |
| ૨ | ૨૨ | અસલ ફરિયાદ. |
| ૩ | ૨૩ | આરોપી નં.૧ ના નામનો એસ.ટી. પાસ. |
| ૪ | ૨૪ | આરોપી નં.૧ ના નામનો એસ.ટી. પાસ. |
| ૫ | ૨૫ | આરોપી નં.૨ ના નામનો એસ.ટી. પાસ. |
| ૬ | ૨૬ | આરોપી નં.૧ ના નામનો એસ.ટી. પાસ. |
| ૭ | ૨૭ | આરોપી નં.૩ નું આઇ કાર્ડ અને આરોપી નં.૧ નો પાસ. |
| ૮ | ૨૮ | આરોપી નં.૧ નું આઇ કાર્ડ અને આરોપી નં.૧ નો પાસ. |

| | | |
|---|---|---|
| ૯ | ૨૯ | આરોપી નં.૨ નું આઇ કાર્ડ અને આરોપી નં.૨ નો પાસ. |
| ૧૦ | ૩૦ | આરોપી નં.૩ નું આઇ કાર્ડ. |
| ૧૧ | ૩૫ | તા.૨૮/૧૧/૨૩ નો મુસાફર પાસની ખરાઇ કરી આપવા બાબતનો પત્ર. |
| ૧૨ | ૩૬ | તા.૧૨/૧૨/૨૩ નો મુસાફર પાસની ખરાઇ કરી આપવા બાબતનો પત્ર. |
| ૧૩ | ૩૭ | તા.૨૨/૧૨/૨૩ નો મુસાફર પાસની ખરાઇ કરી આપવા બાબતનો પત્ર. |
| ૧૪ | ૩૮ | ડેપો મેનેજર, એસ.ટી. બાંટવાનો જવાબ. |
| ૧૫ | ૩૯ | ટી.સી. બાંટવા પાસ વિભાગનો જવાબ. |
| ૧૬ | ૪૦ | આરોપી નં.૨ ની પાસ મળવાની અરજીની ઝેરોક્ષ નકલ. |
| ૧૭ | ૪૧ | આરોપી નં.૧ ની પાસ મળવાની અરજીની ઝેરોક્ષ નકલ. |
| ૧૮ | ૪૨ | એકાઉન્ટ સ્ટેટમેન્ટ કન્ઝયુમર પાસ રીપોર્ટ. |
| ૧૯ | ૪૩ | ડેઇલી કોમ્પ્યુટર પાસ રીપોર્ટ. |
| ૨૦ | ૪૯ | ડેપો મેનેજર, એસ.ટી. જૂનાગઢનો જવાબ. |
| ૨૧ | ૬૬ | ડેપ્યુટ હુકમ. |
| ૨૨ | ૬૭ | તા.૨૮/૧૧/૨૩ નો મુસાફર પાસની ખરાઇ કરી આપવા બાબતનો પત્ર. |
| ૨૩ | ૬૮ | તા.૨૬/૧૨/૨૩ નો મુસાફર પાસની ખરાઇ કરી આપવા બાબતનો પત્ર. |
| ૨૪ | ૬૯ | ડેપો મેનેજર, એસ.ટી. જૂનાગઢનો જવાબ. |

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

બ. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

ક. ભૌતિક પદાર્થ :

| ક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧ | અસલ જુનો પાસ તથા અસલ આઇ કાર્ડ |
| ૨ | ૩ | ડુપ્લીકેટ પાસ |
| ૩ | ૧ | અસલ જુનો પાસ તથા અસલ આઇ કાર્ડ |
| ૪ | ૧ | ડુપ્લીકેટ પાસ |
| ૫ | ૧ | આઇ કાર્ડ |

## -:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) જૂનાગઢ વિભાગમાં ટ્રાફીક ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને ફરિયાદીની ફરજમાં સફાઇ તથા ડ્રાઇવર કંડકટરની ફરજો ફાળવવી તથા બસોનું મોનીટરીંગ વિગેરે તથા એસ.ટી. વિભાગની બસોની અવર જવર દરમિયાન સરપ્રાઇઝ ચેકીંગ કરી તેમાં કોઇ ટીકીટ કે પાસ વિગેરે કોઇ ગેરરીતી ચાલતી હોય તેનું ચેકીંગ કરવાની હોય છે. એસ.ટી. વિભાગમાં સરકારશ્રીની અલગ અલગ યોજનાના લાભના મુસાફરી અંગેના પાસ દરેક ડેપો તથા કંટ્રોલ પોઇન્ટ ઉપરથી ઇસ્યુ કરવામાં આવે છે. પાસ કઢાવવાની પ્રક્રિયામાં કોઇ એજન્ટની વ્યવસ્થા હોતી નથી. તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ ફરિયાદી ધોરજી ડેપોમાં સ્ટેન્ડ ઇન્ચાર્જ તરીકે ફરજ ઉપર હતા દરમિયાન ઉપલા અધિકારી વિભાગીય પરિવહન અધિકારી એચ. એન. ખાંભલા એસ.ટી. જૂનાગઢ તરફથી ફરિયાદીને લેખિત હુકમ થઇ આવેલ કે, તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ જૂનાગઢ ડીવીઝન હદ વિસ્તારમાં એસ.ટી. બસોનું સરપ્રાઇઝ ચેકીંગ કરવાનું છે. આ રીતે પોરબંદર ડેપોના આસીસ્ટન્ટ ટ્રાફીક ઇન્સ્પેકટર હેતલભાઇ મથુરભાઇ રૂધાણીને પણ હુકમ થયેલ. જેથી ફરિયાદી અને હેતલભાઇ બંને તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ સવારના આશરે નવેક વાગ્યે જૂનાગઢ ડીવીઝન વર્કશોપ ખાતેથી સરકારી વાહન સુમો રજી.નં.જી.જે.-૧૮-જી.એ.-૨૪૨૬ ફાળવવામાં આવેલ અને

તેના ડ્રાઇવર તરીકે અલ્તાફભાઇ મુસાભાઇ સીડા હતા. ત્રણેય ફરજ ઉપર જવા નીકળેલ અને જૂનાગઢ એસ.ટી. ડેપો ખાતે આવી અલગ અલગ રૂટની બસોમાં સરપ્રાઇઝ ચેકીંગ કરેલ. દરમિયાન આશરે સાડા નવેક વાગ્યે બાંટવા ડેપોની સતાપર - જૂનાગઢ લોકલ રૂટની બસ રજી.નં.જી.જે.-૧૮-ઝેડ.-૪૯૭૪ જૂનાગઢ ડેપોમાં આવેલ. જેથી ફરિયાદીએ તે બસ, બસ સ્ટેન્ડમાં એન્ટ્રી થતા સાઇડમાં કરાવી અને તેના ડ્રાઇવર કંડકટર તથા મુસાફરોને હોદ્રાની તથા ચેકીંગ અર્થે આવેલાની સમજ કરેલ. બસમાં ડ્રાઇવર તરીકે ભુરાભાઇ લીલાભાઇ આગઠ બાંટવા ડેપો તથા કંડકટર તરીકે મોહનભાઇ પરબતભાઇ વાસણ બાંટવા ડેપો વાળાઓ હતા. બસમાં આશરે ૭૫ જેટલા મુસાફરો હતા અને ફરિયાદીએ બસમાં બેસેલ અને જૂનાગઢ બસ સ્ટેશનમાં ઉતરવા વાળા મુસાફરોને તેઓની પાસે ટીકીટ છે કે નહીં ? તથા પાસ વાળાઓના પાસ તથા તેના ઓળખપત્ર વિગેરે ચેક કરતા ચેકીંગ દરમિયાન ગોપાલભાઇ મસરીભાઇ કંડોરીયા તથા અભયભાઇ જગદિશભાઇ કંડોરીયા પાસે મુસાફરી ટીકીટ ચેક કરવા સારૂં માંગતા આ બંનેએ મુસાફર પાસ બતાવેલ. જેમાં ૫૦ ટકા ડીસ્ટાઉન્ટ વાળા સરકારશ્રીની પરિવહન યોજના વાળા પાસ બંનેએ ફરિયાદીને બતાવેલ. જે પાસ ફરિયાદએ ચેક કરતા ફરિયાદી સાથેના ફરજમાં રહેલ હેતભાઇએ કહેલ કે, આ બંને પાસમાં ઇસ્યુ ઓથોરીટીના સીકકા મારેલ છે તેનો શાહીનો કલર થોડો ડલ દેખાય છે. જેથી ફરિયાદીને પાસમાં કાંઇ શંકા ગેરરીતી હોવાનું જણાય છે તેમ કહેતા જૂનાગઢ ડેપોની પાસ બુકીંગ ઓફિસમાં ખરાઇ કરાવતા બંને પાસમાં ઇસ્યુ તારીખ હતી તે તારીખમાં એસ.ટી. નિગમના કોઇ કંટ્રોલ પોઇન્ટ કે ડેપોમાંથી આ તારીખના આવા કોઇ પાસ ઇસ્યુ થયેલ ન હોય જેથી જે મુસાફરી પાસ હય તે બધા બતાવવાનું જણાવતા ગોપાલભાઇએ બતાવેલ પાસ જોતા (૧) પાસ નં.IC/BTV/BTV/0000218 ઇસ્યુ તા.૧૮/૦૭/૨૦૨૩ તથા પૂર્ણ તા.૧૭/૦૮/૨૦૨૩ ડેપો જૂનાગઢ. સરાડીયા થી જૂનાગઢ, નામ કંડોરીયા ગોપાલ એમ. તથા (૨) પાસ નં.IC/BTV/BTV/0000218 ઇસ્યુ તા.૧૮/૦૮/૨૦૨૩ તથા પૂર્ણ તા.૧૭/૦૯/૨૦૨૩, ડેપો જૂનાગઢ, સરાડીયા થી જૂનાગઢ, નામ કંડોરીયા ગોપાલ એમ.

તથા (૩) પાસ નં.IC/BTV/BTV/0000218 ઇસ્યુ તા.૧૩/૦૯/૨૦૨૩ તથા પૂર્ણ તા.૧૨/૧૦/૨૦૨૩ ડેપો જૂનાગઢ, સરાડીયા થી જૂનાગઢ, નામ કંડોરીયા ગોપાલ એમ. જે પાસ નંગ-૩ જેનો કુલ મુસાફરી દિવસ ૯૦ તથા અભયભાઇએ રજૂ કરેલ પાસ જોતા (૪) પાસ નં.IC/BTV/BTV/0000219 ઇસ્યુ તા.૧૯/૦૯/૨૦૨૩ તથા પૂર્ણ તા.૧૮/૧૦/૨૦૨૩, ડેપો જૂનાગઢ, સરાડીયા થી જૂનાગઢ, નામ કંડોરીયા અભય જે. જેથી આ ગેરરીતી થયેલ પાસ ફરિયાદીએ રાખેલ અને બંને છોકરાઓને પાસ કોની પાસેથી ડુપ્લીકેટ બનાવેલ તે બાબતે પૂછતા ચારેય ડુપ્લીકેટ પાસ રૂપેન હરીશભાઇ રાઠોડ, રહે. સણોસરા, તા. માણાવદર વાળાએ બનાવી આપેલ હોવાનું જણાવેલ. જેથી ફરિયાદીએ જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફોન કરી બનાવની જાણ કરતા પોલીસ આવેલ અને ગોપાલભાઇ તથા અભયભાઇન લઇ ગયેલ. આમ, આોરપી નં.૧-૨ નાએ આરોપી નં.૩ પાસેથી ગુજરાત સરકારશ્રીના ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) વિભાગના સરકારશ્રીની મુસાફરી પાસનો લાભ લેવા સારૂં ખોટા મુસાફરી પાસ બાનવડાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સરકારશ્રી સાથે ઠગાઇ કરી કુલ પાસ-૪ મુસાફરી દિવસ આશરે ૬૮ કુલ મુસાફરી ભાડું આશરે રૂા.૫,૮૯૬/- ની ગેરરીતી કરેલ.

(૨) સદરહુ ગુનાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ જાહેર કરતા, જૂનાગઢ ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૩) સદર કામે આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ આરોપીઓ વિરૂધ્ધ

આંક-૧૦ થી તહોમતનામું ફરમાવી આંક-૧૧, ૧૨ અને ૧૩ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા, આરોપીઓ સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-

(૪) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના 'ક' (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૫) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-

આ કામે પુરાવાના અંતે આરોપીઓના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી, બચાવમાં સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઇન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ છે, તેઓએ કોઇ ગુનો કરેલ નથી, તેઓએ એસ.ટી.માં પડતી અગવડો બાબતે અરજી કરેલ હોય જેથી તેઓ વિરૂધ્ધ કિન્નાખોરી રાખી તેઓને ખોટી રીતે આ કામે સંડોવી દેવામાં આવેલ છે.

દલીલો :-

(૬) સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી. બી. પંચાલ અને આરોપીઓ તરફે વિ.વકીલશ્રી કે. એચ. ધમાણીની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

-:: મુદાઓ ::-

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ એસ.ટી. બસ નં.જી.જે.-૧૮-ઝેડ.-૪૯૭૪ નું ચેકીંગ કરતા આ કામના આરોપી નં.૧-૨ નાએ સતાપર-જૂનાગઢ |

| | |
|---|---|
| | લોકલ રૂટની એસ.ટી. બસમાં ચેકીંગ દરમિયાન મુસાફરીનો પાસ બતાવતા જે ચેક કરતા બંને પાસ ખોટા બનાવેલા મળી આવેલા. કુલ ચાર પાસ કુલ મુસાફરી ભાડું દિવસ-૬૮ નું રૂા.૫,૮૯૬/- ના ખોટા મુસાફરી પાસો બતાવી, આરોપીઓએ ખોટા પાસ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી, એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

મુદા નં.(૧) :-

(૯) આ કામે ફરિયાદ પક્ષ તરફથી ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલો છે. કાયદાકીય જોગવાઇ મુજબ પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર સામાન્ય રીતે ગુનો પુરવાર કરવા અંગેનો હોય છે. ફરિયાદ પક્ષે શંકારહિત ગુનો સાબિત કરવાનો હોય છે. બચાવ પક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. પુરાવાનો બોજો કયારેય આરોપી તરફ શીફટ થતો નથી. આવા ફોજદારી જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતનો ધ્યાને રાખી આ કેસની ચર્ચા કરવાની રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના ભગીભાઇ હીરજીભાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, એ.આઇ.આર. ૧૯૮૩ સુપ્રીમ કોર્ટ, ૭૫૩ થી ૭૫૫, ૭૫૬ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેવો જરૂરી છે, જે નીચે મુજબ છે.

**By and large, a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen ;**

**1 Ordinarily, it is so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence, which so often has an element of surprise. The mental faculties, therefore, cannot be expected to be attuned to adsorb the details ;**

**2 The power of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind, whereas it might go unnoticed on the part of another ;**

**3 By and large, people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder;**

**4 In regard to exact time of an incident, or the time duration of occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the timesense of individuals, which varies from person to person ;**

**5 Ordinarily, a witness cannot be expected to recall accurately the sequence of events, which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on ;**

**6 A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross-examintation made by the counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved, though the witness is giving a truthful and honest account of**

**the occurrence witnessed by him. Perhaps it is a sort of a psychological defence mechanism activated on the spur of the moment ;**

***Therfore Hon'ble Supreme Court held that too much importance cannot be attached to minor discrepancies.***

વધુમાં કોઇ સાહેદની જુબાનીમાં વિરોધાભાસ આવેલ હોય તો વિરોધાભાસ કેવી રીતે પુરવાર કરવો જોઇએ તે પહેલા વિરોધાભાસ કોને કહેવાય અને તે કઇ રીતે સાબિત કરી શકાય જેની ચર્ચામાં ઉતરતા પહેલા હાલના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના બંધારણીય બેન્ચના તહેસીલદારસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉતરપ્રદેશના એ.આઇ.આર. ૧૯૫૯ સુપ્રીમ કોર્ટ ૧૦૧૨ ના ચૂકાદાને ધ્યાને લેવો ખૂબજ જરૂરી બની રહે છે, જે નીચે મુજબ છે.

**The procedure prescribed in contradicting a witness by his previous statement made during investigation is, that if it is intended to contradict him by the writing, his attention must before the writing can be proved, be called to those parts of it, which are to be used for the purpose of contradicting him. The second part of sec. 145, Evidence act clearly indicates the simple procedure to be followed. The contradiction under the section should be between what a witness asserted in the witness box and what he stated before the police officer and not between what he said he had stated before the police officer and what he actually made before him.**

આમ, ભગા હીરજી (સુપ્રા) તથા તહેસીલદારસીંગ (સુપ્રા) ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લઇ હાલના કેસનું વિહંગાવલોકન કરવું જરૂરી બની જાય છે. તેમજ સામાન્ય રીતે કોર્ટે સામાન્ય પ્રકારના વિરોધાભાસની અવગણના કરવાની રહે છે તેમજ જે વિરોધાભાસ ફરિયાદ પક્ષના કેસના રૂટ ફોર્મને અસર કરે તેવો જ વિરોધાભાસ ધ્યાને લેવો જોઇએ અને દરેક કેસની હકીકતો અને પુરાવા મુજબ મુલવણી અને તારવણી કરવી જોઇએ. ૨૦૧૦(૧) જી.એલ.એચ. પાના નં.૧૧૯ ધનપાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મદ્રાસના ચૂકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, ઇન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આપેલો અભિપ્રાય શકય કે તર્કસંગત છે તે

જોવાનું રહે છે. અદાલતે પુરાવાનો જેમ છે તે રીતે ઉકેલ લાવવા ફરજથી બંધાયેલ અને જવાબદાર છે અને ફરિયાદ પક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી પુરવાર કરવાનો છે. તે જ રીતે ૧૯૯૧(૧) જી.એલ.આર. પાના નં.૨૨૬ માં નામદાર ગુજરાત હાઇકોર્ટે પણ ઠરાવેલ છે. ૨૦૦૭(૧) જી.એલ.આર. પાના નં.૯૯ જેન્તીભાઇ કુબેરદાસ શર્મા વિરૂધ્ધ સરકારના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મૂલ્યાંકન અંગેના સિધ્ધાંતો જોતા બધી બાબતમાં પોલાદી સત્ય હકીકતો તારવતો ફરિયાદ પક્ષનો કેસ હોઇ શકે નહીં. અદાલતે સાહેદની સમજશકિત અને તે સમજી શકે તેવા મગજના સ્તરને ધ્યાનમાં રાખી પૃથ્થકરણ કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિત એ માત્ર માર્ગદર્શક છે, કોઇ સિધ્ધાંત પ્રત્યેની અંધશ્રધ્ધા નથી.

(૧૦) આમ, ફોજદારી કાર્યવાહીના સિધ્ધાંત પ્રમાણે કાર્યવાહીના દરેક તબકકે અદાલતે આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનું રહે છે. અદાલત સમક્ષ મૌખિક પુરાવો સાહેદો આપતા હોય ત્યારે સામાન્ય રીતે અદલાતે સાહેદની માન્યતા, જ્ઞાન અને જાણકારીના આધારે સાચું કહે છે તેવું અનુમાન કરવાનું રહે છે. સિવાય કે અનુમાન ન થઇ શકે તેવો દફતર પર પુરાવો હોય. કેટલાક સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક હોય છે, જેનો પુરાવો અદાલત સ્વીકારી શકે અને તેવો પુરાવો માનવાલાયક હોય છે. કેટલાક સાહેદોનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતો હોય તેવા સમયે અદાલતે સત્ય અસત્યને દૂર કરી શકાય તેમ હોય તો જેટલો પુરાવો માનવાલાયક કે ભરોસાપાત્ર હોય તે સ્વીકારવાનો હોય છે. કેટલીક વાર સાહેદોનો પુરાવો સ્વીકારવા લાયક ન હોય કે ભરોસાપાત્ર ન હોય તો અદાલતે સંપૂર્ણપણે અવગણવો પડે, ભોગ બનનારના સગાનો કે મિત્રનો પુરાવો છે તેટલા કારણોસર તેને અવગણી શકાય નહીં, પરંતુ અદાલતે તેવા પુરાવાનું મૂલ્યાંકન કરતા સતર્કતા રાખવી જોઇએ. સાહેદો જયારે અદાલત સમક્ષ પુરાવો આપવા આવે છે ત્યારે બનાવ કે ઘટના કઇ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમિયાનનો સમયગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદની માનસિક શારીરિક બૌધ્ધિક સજજતા -

સક્ષમતા જેવા પરિબળો પણ લક્ષમાં લેવા જોઇએ. ફરિયાદ પક્ષના પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા વિરોધાભાસી છે. અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરિયાદ પક્ષના પુરાવાને કલુષીત, દુષિત કરતી ન હોય તેવા સમયે તેવી વિસંગતતા અતિરેક અવગણવી જોઇએ. કેટલીક વાર સાક્ષી પોતાને અદાલત ખોટો ન માની લે તેવા ભયના કારણે, લાગણીને કારણે કેટલાક કથનો ઉમેરે કે રજૂ ન કરે તે સંભવિત છે તે પણ અદાલતે ધ્યાને લેવું જોઇએ. વિજ્ઞાનના સુત્ર મુજબ 2H2 + O2 = 2H2O અદાલત સમક્ષ પુરાવામાં શકય નથી. પુરાવાના મૂલ્યાંકન માટે કોઇ સાક્ષી વૈજ્ઞાનિક કાનૂની નિયમ નથી પરંતુ અદાલત તે કેસની હકીકત, સંજોગો પુરાવા અનુલક્ષી પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૧) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક પુરાવાની ચર્ચામાં ઉતરતા પહેલા સૌપ્રથમ ગુનાહિત વિશ્વાસઘાત, ઠગાઇ અને ગુનાહિત કાવત્રાની વ્યાખ્યા અને સદરહુ કાયદાકીય જોગવાઇઓની વ્યાખ્યા અને સદરહુ કલમના તત્વો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

- કલમ-૪૬૫ બનાવટી દસ્તાવેજ બનાવવાની સજા :-

  કોઇપણ વ્યકિત, ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

  તત્વો :-

  ૧. આરોપીએ કોઇ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવું ચિહન કર્યુ કે દસ્તાવેજનો કોઇ ભાગ કીરી આપ્યો,
  ૨. આવો દસ્તાવેજ કલમ-૪૬૪ માં દર્શાવેલા ત્રણ પૈકી કોઇ પ્રકારમાં પડતો હતો,
  ૩. આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક અથવા કલમ-૪૬૩ માં દર્શાવેલા કોઇ ઇરાદાથી કરી આપ્યો.

- કલમ-૪૬૭ કિંમતી જામીનગીરી, વસિયતનામું વિગેરેનું કૂટલેખન :-

કોઇપણ વ્યકિત, કોઇ કિંમતી જામીનગીરી અથવા વસિયતનામું અથવા પુત્ર દતક લેવાનો અધિકારપત્ર હોવાનું જણાતું હોય તેવો દસ્તાવેજ અથવા કોઇ કિંમતી જામીનગીરી બનાવવાનો અથવા તેને તબદીલ કરવાનો અથવા મુદલ રકમ, તેનું વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું જણાતું હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણાં મળવાની પહોંચ અથવા પાવતી અથવા કોઇ વસ્તુ કે કિંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનું જણાતું હોય તેવા દસ્તાવેજની બનાવટ કરે તેને આજીવન કેદ અથવા દશ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

તત્વો :-

૧. કલમ-૪૬૫ ના તમામ તત્વો કે જેમાં કલમ-૪૬૩ તથા કલમ-૪૬૪ ના તત્વો પણ આવી જાય,

૨. જે દસ્તાવેજોની બનાવટ કરવામાં આવી હોય તે દસ્તાવેજ (૧) કિંમતી જામીનગીરી, (૨) વસિયતનામું, (૩) પુત્ર દતક લેવાનો અધિકાર, (૪) અથવા, કોઇ વ્યકિતની કિંમતી જામીનગીરી તબદીલ કરવાનો અધિકાર, અથવા કોઇ વ્યકિતને કિંમતી જામીનગીરી પર મુખ્ય રકમ વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો અધિકાર અથવા કોઇ વ્યકિતની કોઇ જંગમ મિલકત અથવા કિંમતી જામીનગીરી કે નાણાં સ્વીકારવાનો કે આપવાનો અધિકાર અથવા રકમ મળી હોય તેની પહોંચ આપવાનો અધિકાર અથવા કોઇ જંગમ મિલકત કે કિંમતી જામીનગીરી મળી ગઇ હોવાની પહોંચ આપવાનો અધિકાર આપવામાં આવ્યો હોય તેવો દસ્તાવેજ હોવ જોઇએ.

- કલમ-૪૬૮ ઠગાઇ માટે કૂટલેખન :-

કોઇપણ વ્યકિત, કોઇ કૂટલેખિત દસ્તાવેજનો ઠગાઇ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે તેવા ઇરાદાથી તેવા કૂટલેખિત દસ્તાવેજ બનાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

તત્વો :-

૧. સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો,

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,

૩. બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપીનો ઠગાઇ કરવાનો ઇરાદો હતો,

- કલમ-૪૭૧ બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવો :-

કોઇપણ વ્યકિત, કોઇ દસ્તાવેજ કૂટલેખિત હોવાનું પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કેરે તેણે પોતે તે દસ્તાવેજનું કૂટલેખન કરવાનો ગુનો કર્યો હોય તેમ ગણીને તે રીતે સજા કરવામાં આવશે.

તત્વો :-

૧. સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો,
૨. આવો બાનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, અથવા
૩. આરોપી જાણતા હતા અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે,
૪. આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો.
૫. આરોપીએ આવું કૃત્ય કપટ કરવાના ઇરાદાથી અપ્રમાણિકપણે કર્યુ.

- કલમ-૧૧૪ ગુનો આચરવામાં આવે ત્યારે મદદગારીની હાજરી :-

પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીના પરિણામે થયેલા જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઇ વ્યકિત સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

તત્વો :-

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઇએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઇએ,
૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઇએ.
૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઇએ.
૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઇએ, તથા
૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઇએ.

(૧૨) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી યુવરાજસિંહ ભવાનસિંહ જાડેજાને આંક-૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

હાલનો બનાવ બન્યો ત્યારે તેઓ જૂનાગઢ એસ.ટી. વિભાગમાં ઇન્ચાર્જ ટ્રાફીક ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તેઓની ફરજમાં ડેપો ખાતે સફાઇ કામગીરી તથા ડ્રાઇવર કંડકટરને નોકરી ફાળવવાની, બસનું મોનીટરીંગ તથા સરપ્રાઇઝ ચેકીંગની હોય છે. ચેકીંગ દરમિયાન કોઇપણ પ્રકારની અનિયમિતતા જણાય આવે તો તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હોય છે. હાલનો બનાવ તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ જૂનાગઢ ડેપોમાં સવારે નવ થી સાડા નવ વાગ્યાની આસપાસ બનેલો. તે દિવસે તેઓ ડીવીઝનના હુકમના પાલન અંગે લાઇન ચેકીંગની કામગીરી કરતા હતા તે સમયે તેમની સાથે તેમના આસી. ટ્રાફીક ઇન્સ્પેકટર હેતલભાઇ રૂધાણી હતા. તે સમયે તેઓની મુળ ફરજ ધોરાજી ડેપોમાં હતી અને ડીવીઝનના હુકમના પાલન અર્થે તેઓ જૂનાગઢ મુકામે આવેલ. તે સમયે ચેકીંગની કામગીરી દરમિયાન સરાડીયા - જૂનાગઢ રૂટની લોકલ બસમાં બે મુસાફર પાસ ધારકોનું ચેકીંગ કરતા તેઓની સાથે હેતલભાઇ રૂધાણીને ધ્યાનમાં આવેલ કે ઉપરોકત પાસમાં શાહીના કલરમાં ફેર જણાતા તેઓ દ્વારા ઉપરોકત પાસ ગ્રાહકને તેઓની બસ સ્ટેન્ડની પાસ ઓફિસ ખાતે લઇ ગયેલા અને ત્યાં જઇને ઓનલાઇન ચેક કરતા પાસની લખેલી તારીખમાં ઇસ્યુ થયેલ ન હતા. બંને મુસાફરોના નામ ગોપાલ અને અભય હતા. આ બંને પાસની ખરાઇ કરતા બંને પાસ ડુપ્લીકેટ હોવાનું જણાય આવે. જે ઓનલાઇન તપાસતા મળી આવેલ પાસમાં જે તારીખ લખેલી હતી તે તારીખમાં કોઇપણ પાસ આ બંને વ્યકિતના નામના ઇસ્યુ થયેલ ન હતા જેથી આ બંને પાસ ડુપ્લીકેટ હોવાનું જણાય આવેલ. જેથી આ બાબતે તેઓના વિભાગીય પરિવહન અધિકારીને જાણ કરેલી. આ બંને મુસાફરોની પૂછપરછ કરતા તેઓએ આ બંને પાસ તેમના મિત્ર રૂપેનભાઇએ કાઢી આપેલ હોવાનું જણાવેલ. વિભાગીય પરિવહન અધિકારીની સૂચના મુજબ આ બનાવ અંગેની તેઓએ ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદ આંક-૨૨ થી રજૂ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. મુસાફરો પૈકી ગોપાલભાઇ પાસેથી ત્રણ પાસ મળી આવેલા અને અભયભાઇ પાસેથી એક પાસ મળી આવેલો જેનો દુરૂપયોગ કરી ગોપાલભાઇએ ૬૮ દિવસ તથા અભયભાઇએ ૩ દિવસ

સુધી મુસાફરી કરેલી. તેઓએ ચેકીંગ દરમિયાન મુસાફરો પાસેથી ડુપ્લીકેટ પાસ કબજે લીધેલા તેમજ તેઓના ઓળખકાર્ડ પણ કબજે લીધેલા. જે અસલ પાસ તથા ઓળખ કાર્ડ અનુક્રમે આંક-૨૩ થી ૨૬ સુધી તથા ડુપ્લીકેટ પાસ આંક-૨૭ થી ૩૦ સુધી રજૂ રાખેલ છે.

(૧૩) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ હેતલભાઇ મથુરભાઇ રૂધાણીને આંક-૧૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ એસ.ટી. વિભાગમાં સને ૨૦૧૦ થી સૌપ્રથમ ડ્રાઇવર કમ કંડકટર તરીકે પોરબંદર ડેપો ખાતે નિમણૂંક થયેલ અને બનાવ બન્યાના ચાર મહિના પહેલાથી આસી. ટ્રાફીક ઇન્સ્પેકટર તરીકે પોરબંદર ડેપો ખાતે ફરજ બજાવતા હતા. હાલનો બનાવ તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ બનેલો. તે દિવસે સવારના નવ વાગ્યાની આસપાસ તેઓ, તેમના ડ્રાઇવર અલ્તાફભાઇ સીડા તથા ટ્રાફીક ઇન્સપેકટર યુવરાજસિંહ ભોવાનસિંહ જાડેજા સાથે જૂનાગઢ એસ.ટી. ડેપો ખાતેની અલગ અલગ રૂટની બસમાં સરપ્રાઇઝ ચેકીંગ સબબ જૂનાગઢ ડીવીઝન વર્કશોપ ખાતેથી સરકારી વાહન સુમો નં.જી.જે.-૧૮-જી.એ.-૨૪૨૬ લઇને ફરજ ઉપર નીકળેલા. ચેકીંગ દરમિયાન બાંટવા ડેપોની સતાપર - જૂનાગઢ લોકલ રૂટની બસ નં.જી.જે.-૧૮-ઝેડ-૪૯૭૪ વાળી જૂનાગઢ ડેપોમાં આવેલી જેથી તેઓએ બસને સાઇડમાં રોકાવી મુસાફરોનું તેઓના હોદ્દાની રૂએ ચેકીંગ અર્થે આવેલા છીએ તેવી સમજ કરી બસના ડ્રાઇવર ભુરાભાઇ લીલાભાઇ આગઠ તથા કંડકટર તરીકે મોહન પરબત વાસણ હતા અને બસમાં ૭૫ જેટલા મુસાફરો હતા. તેઓએ તમામ મુસાફરો પાસે ટીકીટ છે કે કેમ તથા પાસ વાળા મુસાફરો પાસે પાસ અને ઓળખપત્ર છે કે કેમ ચેકીંગ કરતા બે મુસાફર ગોપાલભાઇ મસરીભાઇ કંડોરીયા તથા અભયભાઇ જગદીશભાઇ કંડોરીયા પાસે મુસાફરી ટીકીટ ચેક કરવા માટે માંગતા તેઓએ તેઓને તથા તેમની સાથેના ટ્રાફીક ઇન્સ્પેકટરને મુસાફરી પાસ બતાવેલો, જે ૫૦ ટકા ડીસ્કાઉટ વાળા સરકારશ્રીની પરિવહન વાળી યોજનાના બતાવેલા, જે બંને પાસમાં ઇસ્યુ ઓથોરીટીના સિકકા જોતા તે સિકકાની શાહીનો કલર ડલ જણાયેલો, જે અંગે

તેઓએ તેઓના અધિકારી યુવરાજસિંહને જાણ કરેલી અને પાસમાં ગેરરીતી હોવા બાબતની શંકા જતા આ પાસ અંગે જૂનાગઢ ડેપોની પાસ બુકીંગ ઓફિસમાં ખરાઇ કરતા પાસમાં રહેલી ઇસ્યુ તારીખના દિવસે જૂનાગઢ ડેપોની પાસ બુકીંગ ઓફિસમાંથી તેમજ અન્ય કોઇ બુકીંગ ઓફિસમાંથી આવા કોઇ પાસ ઇસ્યુ થયેલ ન હતા. જેથી બંને મુસાફરો પાસે રહેલા તમામ પાસ બતાવવાનું જણાવતા ગોપાલભાઇએ કુલ ૩ પાસ જેનો મુસાફરી દિવસ ૯૦ દિવસનો હતો અને અભયભાઇએ રજૂ કરેલ એક પાસ તપાસત તમામ પાસ ગેરરીતીથી મેળવેલ હોય અને બંનેને પાસ કોની પાસે મેળવેલ છે તેવું પૂછતા તેઓએ તેમના મિત્ર રૂપેનભાઇ હરીશભાઇ રાઠોડ વાળા પાસેથી ડુપ્લીકેટ પાસ મેળવેલ હોવાનું જણાવેલું. જેથી ટ્રાફીક ઇન્સ્પેકટરે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફોન કરી બનાવની જાણ કરતા પોલીસની ગાડી આવેલી અને બંને મુસાફરોને પોલીસ સ્ટેશન સાથે લઇ ગયેલા અને તેઓના ટ્રાફીક ઇન્સ્પેકટરે બંને મુસાફરો તથા તેમના મિત્ર વિરૂધ્ધ ગુજરાત સરકારના એસ.ટી. વિભાગના સરકારશ્રીની મુસાફરી પાસનો લાભ લેવા ખોટા મુસાફરી પાસ બનાવડાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ૬૮ દિવસ સુધી પાસ પર મુસાફરી કરી રૂા.૫,૮૯૬/- ની ગેરરીતી અને ઠગાઇ કરી હોય તે અંગેની ફરિયાદ આપેલી. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૧૪) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ અલ્તાફભાઇ મુસાભાઇ સીડાને આંક-૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલનો બનાવ દોઢેક વર્ષ પહેલા બનેલો. તે સમયે તેઓ હેતલભાઇ રૂઘાણી તથા યુવરાજસિંહ જાડેજા સાથે ચેકીંગની ગાડીમાં ડ્રાઇવર તરીકે સાથે હતા. તેઓ જે સરકારી વાહનમાં ચેકીંગમાં ગયેલા તે સુમો ગાડીના નં.૨૪૨૬ હતા. આ ચેકીંગ સરપ્રાઇઝ ચેકીંગ હતું અને જૂનાગઢ બસ સ્ટેશનમાં ચાલતું હતું. ચેકીંગ માટે તેઓ સવારે નવેક વાગ્યાની આસપાસ નીકળેલા. ચેકીંગ ચાલતું હતું તે દરમિયાન સતાપર - જૂનાગઢ રૂટની બસ આવેલી જેમાં તેઓના સુપરવાઇઝર ચેકીંગ કરતા હતા તે બસમાં પાસ ચેકીંગનો બનાવ બનેલો.

(૧૫) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ ભરતભાઇ વિસાભાઇ સોઢાને આંક-૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ માણાવદરમાં શ્યામ ઝેરોક્ષ નામની દુકાનમાં નોકરી કરે છે. દુકાનના માલિક કલ્પેશભાઇ છે. તેઓની દુકાને રૂપેનભાઇ અવાર નવાર તેમના કાગળો જેવા કે માર્કશીટ, લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ કરાવવા આજતા હોય તે રીતે તેઓને ઓળખે છે. તેઓ અવાર નવાર આવા કાગળોની ઝેરોક્ષ કરવા તેઓના શેઠને ડોકયુમેન્ટ મોબાઇલમાં મોકલતા અને કલ્પેશભાઇ તેમની પ્રિન્ટ કાઢી આપતા.

(૧૬) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ મોહનભાઇ પરબતભાઇ વાસણને આંક-૨૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સાત વર્ષથી આ વિભાગમાં નોકરી પર હતા અને તે સમયે જૂનાગઢ - સતાપર બસની રૂટમાં જેના નં.૪૯૭૪ માં કંડકટર તરીકે હતા ત્યારે બસ જૂનાગઢ બસ સ્ટેશન ખાતે પહોંચતા એસ.ટી. વિભાગના ચેકીંગ પાર્ટીએ બસ સાઇડમાં લેવડાવી બસમાંથી ઉતરતા મુસાફરોની ટીકીટ અને પાસ ચેકીંગની કાર્યવાહી કરેલી. ચેકીંગ દરમિયાન ચેકીંગ પાર્ટીના સભ્યોને ગડબડ જણાતા તેઓએ પાસ બુકીંગ ઓફિસના અધિકારીને આ બાબતે જાણ કરેલી. બસમાં આશરે ૭૫ જેટલા મુસાફરો હતા. પાસના નંબર ઓનલાઇન રીઝર્વેશન સીસ્ટમમાં નાખતા તે તારીખમાં આ નંબરના પાસ કોઇપણ ડેપો કે કંટ્રોલ પોઇન્ટ તરફથી ઇસ્યુ થયેલા ન હતા. તેઓની બસમાં મુસાફરી કરી રહેલા ગોપાલભાઇ તથા અભયભાઇ પાસેથી આવા કુલ ચાર પાસ મળી આવેલા. આ બાબતે તેઓની રૂબરૂમાં ચેકીંગ પાર્ટીએ ગોપાલભાઇ તથા અભયભાઇને પાસ બાબતે પૂછતા તેઓએ આ પાસ મિત્ર પાસેથી બનાવડાવેલ અને અગાઉ આવા કોઇ પાસ બનાવેલ ન હોવાનું જણાવેલું. આ બાબતે ચેકીંગ અધિકારીએ વિભાગીય નિયામકને ફોનથી જાણ કરેલી. જેથી આ અંગે પોલીસને જાણ કરવાનું કહેતા ચેકીંગ અધિકારી યુવરાજસિંહ તથા હેતલભાઇએ પોલીસને ફોન કરીને બોલાવેલા જેના એકાદ કલાક બાદ પોલીસ

આવેલી અને પોલીસે સ્થળ કાર્યવાહી કરી પૂછપરછ કરેલી. ત્યાંથી તેઓ બધા બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગયેલા.

(૧૭) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ કલ્પેશભાઇ ચંદુભાઇ મોણપરાને આંક-૩૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ માણાવદર મુકામે શાક માર્કેટ વાળી શેરીમાં શ્યામ ઝેરોક્ષ નામની દુકાન ચલાવે છે. તેમની દુકાનમાં ભરતભાઇ વિસાભાઇ મોઢવાડીયાને રૂા.૮,૦૦૦/- ના માસિક પગારે કામે રાખેલ. દુકાનમાં તેઓ બંને ઝેરોક્ષનું કામકાજ કરે છે. તેઓની દુકાને ઝેરોક્ષ કરાવવા માટે ઘણા બધા માણસો આવતા હોય છે. દોઢેક વર્ષ પહેલા પોલીસ તેની પાસે પૂછપરછ માટે આવેલી જેમાં પોલીસે તેમના વ્યવસાય અંગે પૂછપરછ કરેલી અને એસ.ટી.ના ડુપ્લીકેટ પાસનો ઉપયોગ કરી એસ.ટી. સાથે છેતરપીંડી થયેલ હોવા અંગે ફરિયાદ દાખલ થયેલ હોય જેમાં પોલીસે રૂપેનભાઇ રાઠોડ નામના વ્યકિત અંગેની પૂછપરછ કરેલી. જેમાં તેઓએ આ વ્યકિત તેઓની પાસે વારંવાર ઝેરોક્ષ કરાવવા આવતા હોવા અંગેની હકીકત જણાવેલી.

(૧૮) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ કલ્પેશકુમાર બાબુલાલ પટેલને આંક-૩૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૩/૧૦/૨૦૨૩ થી તેઓ બાંટવા ડેપો મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓ બાંટવા ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે બી-ડીવીઝન પોલીસ સ્ટેશન તરફથી તા.૨૮/૧૧/૨૦૨૩ તથા તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ મુસાફર પાસની ખરાઇ કરી આપવા બાબતે તેઓને લેખિતમાં જાણ કરતા હાલના બનાવ અંગેની માહિતી મળેલી. જે મુજબના આરોપી ગોપાલભાઇ કંડોરીયા, અભયભાઇ કંડોરીયા તથા રૂપેનભાઇ રાઠોડના પાસ અંગેની માહિતી માંગેલી, જે પત્રના આધારે તેઓએ તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ બંને પત્રનો તેઓના ડેપોના જાવક નં.૩૩૭૫/૨૩ જવાબ આપેલ જે મુજબ તેઓના ડેપોનું કોમ્પ્યુટર રેકર્ડ તપાસતા આ કામના આરોપી ગોપાલભાઇ તથા અભયભાઇ તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ આઇ કાર્ડ તથા પાસ કઢાવેલ. ત્યારબાદ આ બંને

આરોપીઓએ આ પાસ રીન્યુ કરાવેલ નથી કે નવા પાસ કઢાવેલ નથી તે અંગેની માહિતી તેઓએ લેખિત આપેલી અને પાસ ઇસ્યુ કરનાર ટી.સી. નિવેદન સાથે આપેલ, જે માહિતી માંગેલ બંને પત્રો તથા તેઓએ આપેલ જવાબ અને ટી.સી.નું નિવેદન અસલ અનુક્રમે આંક-૩૫ થી ૩૯ સુધી રજૂ રાખેલ છે. બંને આરોપીઓએ તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ પાસ કઢાવેલો તે પાસ કઢાવવા માટે જે ફોર્મ ભરવાનું હોય છે તે બંને ફોર્મ અસલ આંક-૪૦ અને ૪૧ થી રજૂ રાખેલ છે. તેમજ આરોપી નં.૧ તથા ૨ ના પાસ કઢાવેલ તેના કોમ્પ્યુટરાઇઝ રેકર્ડની પ્રિન્ટ આંક-૪૨ થી રજૂ કરી તેમાં બાંટવા ડેપોનો સિકકો તથા તેઓની સહી ઓળખી બતાવેલ છે. આરોપી નં.૧-૨ નાએ તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ પાસ કઢાવેલ તે તેમજ તે સિવાયના જેટલા પાસ કાઢવામાં આવેલ હોય તેના હિસાબનો ઉતારો આંક-૪૩ થી રજૂ કરી તેમાં બાંટવા ડેપોનો સિકકો તથા તેઓની સહી ઓળખી બતાવેલ છે.

(૧૯) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ વિમલભાઇ મગનભાઇ મકવાણાને આંક-૪૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૬-૮ માસ પહેલા કુતિયાણા મુકામે બનેલો. બનાવમાં લાઇન ચેકીંગના ઇન્સ્પેકટર યુવરાજસિંહ તથા તેની સાથેના અન્ય સ્ટાફના લોકો ચેકીંગમાં હતા દરમિયાન ડુપ્લીકેટ પાસ જણાતા ચેકીંગ ઇન્સ્પેકટર ધ્વારા પાસ જપ્ત કરી તે પાસ બી-ડીવીઝન પોલીસ સ્ટશનથી તેઓની પાસે ખરાઇ કરવા માટે મોકલેલો કે પાસ આપના ડેપોમાંથી ઇસ્યુ થયેલ છે કે નહીં, જેના જવાબમાં તેઓએ પત્ર ધ્વારા સદર પાસ તેઓના ડેપોમાંથી ઇસ્યુ થયેલ નથી તેવું જણાવેલ. તેઓએ તા.૧૨/૦૧/૨૦૨૪ ના રોજ પાસ ઇસ્યુ કરવા અંગે જવાબ મોકલેલ, તે જવાબ આંક-૪૯ થી રજૂ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૨૦) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ ભુપેન્દ્રભાઇ અરજણભાઇ કછોટને આંક-૫૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલનો બનાવ બન્યો તે સમયે તેઓ જૂનાગઢ મુકામે ફરજ બજાવતા હતા તે સમયે

હાલના બનાવ સિવાય અન્ય બનાવ બનેલ હોય તે બનાવના કામે પોલીસે તેમનું નિવેદન લીધેલું. હાલનો બનાવ શું બાબતનો હતો તેની તેઓને કોઇ જાતમાહિતી નથી.

(૨૧) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ પુરીબેન લખમણભાઇ ડાંગરને આંક-૫૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ માં તેઓ ડેપો મેનેજર તરીકે બાંટવા ખાતે ચાર્જમાં હતા ત્યારે જૂનાગઢ ચેકીંગ ટીમ દરમિયાન ડુપ્લીકેટ પાસ પકડેલ હોય તે બાબતે જૂનાગઢ ઓફિસથી બાંટવા ઓફિસમાં આવા કોઇ પાસ ઇસ્યુ કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગે તેમના વિભાગ દ્વારા પૂછવામાં આવેલ પરંતુ બાંટવા ડેપો તરફથી આ સમયગાળા દરમિયાન કોઇપણ પાસ ઇસ્યુ થયેલ ન હોવા અંગે તેઓએ તેઓના જૂનાગઢ વિભાગને માહિતી આપેલી.

(૨૨) વધુમાં ફરિયાદ પક્ષે તપાસનીશ અધિકારી સંજીવકુમાર નરેન્દ્રસિંહ ક્ષત્રિયને આંક-૬૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે પી.એસ.ઓ. તરફથી આ ગુનાની તપાસ આંક-૨૨ વાળી ફરિયાદ તથા આંક-૨૩ થી ૩૦ વાળા દસ્તાવેજો સાથે મળેલ. જે તપાસ મળ્યાનો ડેપ્યુટ હુકમ આંક-૬૬ થી રજૂ રાખેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરિયાદની હકીકત જણાવેલી છે. ફરિયાદ વંચાણે લેતા તેઓએ બનાવવાળા સ્થળની મુલાકાત લીધેલી અને આરોપીઓની અટક કરેલી, જે આંક-૧૫ માં પંચોની અને પોતાની સહી ઓળખી બતાવેલ છે. તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા તેમજ તપાસના કામે બાંટવા એસ.ટી. વિભાગ ખાતે બનાવટી પાસની ખરાઇ કરવા અર્થે લેખિત માહિતી માંગેલી, જે આંક-૩૫ થી ૩૭ માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે પત્ર અન્વયે ડેપો મેનેજર બાંટવા તરફથી પાસ ઇસ્યુ થયા બદલના મુસાફરોના ફોર્મ તથા પાસ ઇસ્યુ થયા હોવા અંગેનો ઉતારો તપાસના કામે લેખિતમાં સોંપેલો, જે આંક-૩૮ થી ૪૩ રજૂ છે. જૂનાગઢ તથા બાંટવા ડેપો તરફથી જે માહિતી આપવામાં આવેલી તે માહિતી મુજબ આરોપી ગોપાલ અને અભયને

તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ પાસ ઇસ્યુ કરવામાં આવેલા જે આંક-૨૭ થી ૨૯ રજૂ છે. સદર તપાસના કામે તેઓએ મુસાફર પાસની ખરાઇ કરી આપવા અંગે ડેપો મેનેજર એસ.ટી. વિભાગ જૂનાગઢને તા.૨૮/૧૧/૨૦૨૩ તથા તા.૨૭/૧૨/૨૦૨૩ ના રોજ લેખિત યાદી કરેલી, જે આંક-૬૭ અને ૬૮ થી રજૂ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પત્રના આધારે ડેપો મેનેજર જૂનાગઢ તરફથી પાસ જૂનાગઢ કેન્દ્ર ખાતેથી ઇસ્યુ કરવામાં આવેલ ન હતા તેવું લેખિતમાં જણાવેલ તેમજ ગોપાલ એમ. કંડોરીયાના નામ જોગ પાસ નં.બીપી/જેએનડી/જેએનડી/૦૦૨૯૩૪૨ ઇસ્યુ તા.૧૯/૦૬/૨૦૨૩ પૂર્ણ તા.૧૮/૦૭/૨૦૨૩ જૂનાગઢ ડેપો તરફથી ઇસ્યુ કરવામાં આવેલ ન હોવાનું જણાવેલ. તેમજ આઇ કાર્ડ નં.આઇ.સી./બીટીવી/બીટીવી/૦૦૦૦૨૧૮, તા.૧૨/૦૪/૨૦૨૩ થી તા.૧૨/૦૪/૨૦૩૦ સુધીનું બાંટવા બસ સ્ટેશન ખાતેથી ઇસ્યુ થયેલ છે કે કેમ તે અંગેની ખરાઇ બાંટવા ખાતે કરવા જણાવેલ તેમજ અભય જે. કંડોરીયાના નામ જોગ પાસ નં.બી.પી./જેએનડી/જેએનડી/૦૦૩૧૫૩૬ ઇસ્યુ તા.૧૯/૦૯/૨૦૨૩ પુર્ણ તા.૧૮/૧૦/૨૦૨૩ જૂનાગઢ ડેપો તરફથી ઇસ્યુ થયેલ ન હોવાનું ડેપો મેનેજર જૂનાગઢ તરફથી તેમની કચેરીથી જણાવવામાં આવેલ. જે લેખિત પત્ર આંક-૬૯ થી રજૂ રાખેલ છે. સદર ચાલતી તપાસ દરમિયાન તપાસના કામે મેળવેલ સાધનિક કાગળો તપાસતા આરોપીઓએ જૂનાગઢ ડેપો તથા બાંટવા ડેપો તરફથી ઇસ્યુ નહીં કરવામાં આવેલા આઇ કાર્ડ તથા પાસનું બનાવટી પાસ તરીકે ઉપયોગ કરી તે પાસ તથા આઇ કાર્ડનો મુસાફરી તરીકે ઉપયોગ કરી, એસ.ટી. વિભાગને ૬૮ દિવસનું ભાડું નહીં ચૂકવી રૂા.૫,૮૯૬/- ની નુકશાની કરેલ હોય જે તપાસ દરમિયાન ખૂલવા પામેલ અને તપાસ દરમિયાન તેઓની બદલી થતા સદર તપાસ પી.એસ.આઇ. એસ. એ. સાંગાણીને સોંપી આપેલી.

(૨૩) વધુમાં ફરિયાદ પક્ષે તપાસનીશ અધિકારી સરોજબાળા અમૃતલાલ સાંગાણીને આંક-૭૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમય દરમિયાન તેઓ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ

સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે આ ગુનાની તપાસ અગાઉના તપાસ કરનાર અધિકારીશ્રીએ કરેલી ત્યારબાદ તેઓની બદલી થતા તેઓને આ ગુનાની તપાસ સોંપવામાં આવેલ. ગુનાના કામે કાગળોનો અભ્યાસ કરેલો તેમજ આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો મળતા ચાર્જશીટ કરેલ.

(૨૪) વધુમાં ફરિયાદ પક્ષે પંચ સાહેદ મહેમુદભાઇ હુશેનભાઇ જરાને આંક-૧૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલ તે સિવાય તેઓ કાંઇ જાણતા નથી. તેમની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. પંચનામું આંક-૧૫ માં પોતાની સહી નથી તેવું જણાવે છે. સદરહુ પંચ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતનો ઇન્કાર કરેલ છે. જેથી સરદહુ પંચ સાહેદના પુરાવાથી આંક-૧૫ આરોપીઓના અટક પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

(૨૫) ઉપરોકત કાયદાકીય જોગવાઇ સાથે આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદી તથા ફરિયાદી સાથેના ટ્રાફીક ઇન્સ્પેકટર હેતલભાઇ મથુરભાઇ રૂધાણીના પુરાવાથી જૂનાગઢ એસ.ટી. બસ સ્ટેશન ખાતે સરાડીયા - જૂનાગઢ રૂટની લોકલ એસ.ટી. બસમાં ચેકીંગ કરતા બે મુસાફરો ગોપાલ અને અભય પાસેથી પાસ મળી આવેલ અને તેની ખરાઇ કરતા ડુપ્લીકેટ હોવાનું જણાય આવતા ફરિયાદ આપેલ હોવાનું જણાય આવે છે. તેમજ તપાસવામાં આવેલ અન્ય સાહેદોના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થનકારી હકીકતો ફલિત થાય છે, પરંતુ આ હકીકત સાથે બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસની હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે. ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઓનલાઇન ચેકીંગ દરમિયાન તપાસ કરતા ગોપાલભાઇ મસરીભાઇ કંડોરીયા તથા અભયભાઇ જગદીશભાઇ કંડોરીયાના નામે એસ.ટી. કોર્પોરેશન તરફથી ઓળખકાર્ડ અને મુસાફરી કરવા માટેના પાસ ઇસ્યુ થયેલ હતા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ

છે કે,કોઇપણ બસ, બસ સ્ટેશનમાં આવે ત્યાં સુધી કંડકટર તરફથી તમામ મુસાફરોના પાસ ચેક કરવાની તથા ટીકીટ ઇસ્યુ કરવાની કાર્યવાહી કરવાની હોય છે અને કંડકટરને કોઇ વ્યકિત પાસે ડુપ્લીકેટ પાસ અથવા પાસમાં કોઇ ગેરરીતી રહેલી છે તેવું જણાય આવે ત્યારે કંડકટર દ્વારા પાસ લઇ ટીકીટ ઇસ્યુ કરવામાં આવેલ છે અને ડુપ્લીકેટ પાસ એસ.ટી. ખાતાની ઓફિસમાં જમા કરાવી દેતા હોય છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કંડકટર દ્વારા કોઇપણ પેસેન્જર પાસે ડુપ્લીકેટ પાસ હોવા બાબતે તેઓને ફરિયાદ કરવામાં આવેલ ન હતી અને હાલની ફરિયાદ તેઓના ઉપલા અધિકારીની સૂચના મુજબ કરેલી છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લેખિત હુકમમાં તેઓનું નામ, બકલ નંબર કે ઓળખ અંગે કે અન્ય કોઇપણ ઓળખ બાબતનો કોઇ ઉલ્લેખ હતો નહીં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લેખિત હુકમના આધારે તેઓને મુવમેન્ટ કરવાનો અલગથી હુકમ કરવામાં આવે છે આવો કોઇ હુકમ તેઓએ રજૂ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,હેતલભાઇએ મુસાફરો પાસેથી જે પાસ કબજે લીધેલ હોવાનું જણાવે છે તે પાસ તેઓએ કે હેતલભાઇએ કબજે લીધેલ હોવા બાબતનું કોઇ પંચનામું કે સીઝર મેમો કે નોંધ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ ચોકીએ આ પાસ હેતલભાઇએ પોલીસને આપેલા પછી જણાવે છે કે, આ પાસ પોલીસને ફરિયાદ સાથે તેઓએ આપેલા. જયારે સાહેદ હેતલભાઇ મથુરભાઇ રૂધાણીએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે પ્રકારની ફરિયાદ આપવામાં આવેલ છે તેવા કિસ્સામાં સ્થળ ઉપર માંડવાળ કરી કેસને ત્યાં પુરો કરી દેવામાં આવે છે અને કેસ કરતા અગાઉ કેસ કર્યા બાદ પણ માંડવાળના કિસ્સાઓ બનેલ છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચેકીંગ દરમિયાન તેઓએ કોઇ પાસને કબજે લઇને સીલ કરેલ હોય તેવું બનેલ નથી અને બંને પાસ પોલીસને આપેલા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓને તેમનું નામ, ઉંમર, સરનામું અને કેટલા સમયથી ફરજ બજાવો છો અને ચેકીંગમાં કોણ કોણ હતું તેટલી હકીકત પૂછેલી આ સિવાય બીજી કોઇ પૂછપરછ કરેલ નથી. ફરિયાદ પક્ષે

ચેકીંગ ટીમની ગાડીના ડ્રાઇવરને આંક-૧૮ થી તપાસેલા છે, પરંતુ તેઓએ બનાવ અંગે કોઇ માહિતી નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ફરજ ઉપર હોય અને તેમના ઉપલા અધિકારીને સરપ્રાઇઝ ચેકીંગ અર્થે લઇ ગયેલા હોય તે બાબતનો કોઇ લેખિત પુરાવો કે આધાર રજૂ કરેલ નથી. વધુમાં એસ.ટી. બસના કંડકટર સાહેદ મોહનભાઇએ બચાવ પક્ષ તરફેની ઉલટતાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જૂનાગઢ સુધી તેમની બસમાં બેઠેલા તમામ મુસાફરોની ટીકીટ તથા પાસ તેઓએ ચેક કરેલા અને તેમાં કોઇ જગ્યાએ ગેરરીતી જણાયેલ ન હતી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને જો પાસમાં કે ટીકીટમાં ગેરરીતી જણાય આવે તો તે પેસેન્જરને પાસ નહીં ચાલે અને ટીકીટ લેવી પડશે તેવું જણાવી તેની પાસેથી પાસ લઇ તે પાસ ડેપોમાં જમા કરાવી દે છે અને પેસેન્જરને ટીકીટ આપે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં તેઓના ઉપલા અધિકારીઓએ કોઇ પેસેન્જર કે આરોપીઓની પૂછપરછ કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગોપાલભાઇ તથા અભયભાઇ પાસેથી બસની અંદરથી તેઓના ઉપલા અધિકારીઓએ આવા પાસ કબજે લીધેલ હોય તેવું બનેલ નથી. જયારે આંક-૩૪ વાળા સાહેદ કલ્પેશકુમાર કે જેઓ બાંટવા ડેપોમાં ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતા હોય તેઓના પુરાવાથી આરોપી નં.૧-૨ નાએ આઇ કાર્ડ તથા પાસ કઢાવેલ ત્યારબાદ રીન્યુ કરાવેલ નથી કે નવા પાસ કઢાવેલ નથી તેવું જણાવે છે, પરંતુ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં.૨ ગોપાલ મસરીભાઇના ફોર્મમાં કોઇપણ પ્રકારનો ફોટો લગાડેલ નથી, જે તે સમયે લગાવેલ હતો પણ નીકળી ગયેલ છે અને આરોપી નં.૧-૨ ના ફોર્મમાં જે તે સમયના ડેપો મેનેજરની સહી નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું કોઇ નિવેદન લીધેલ નથી કે તેમને કોઇ ડોકયુમેન્ટસ આપેલા નથી. વધુમાં આંક-૪૮ વાળા સાહેદ વિમલભાઇ મગનભાઇ મકવાણાના પુરાવાથી તેઓના ડેપોમાંથી સદર પાસ ઇસ્યુ થયેલ નથી તેવું જણાવેલ છે, પરંતુ ઉલટતપાસની હકીકત ધ્યાને લઇએ તો એ હકીકતનો સ્વીકાર કરેલ

છે કે, જૂનાગઢ મુકામે એસ.ટી. ડેપોમાં કોઇપણ પ્રકારની પાસમાં ગેરરીતિ થાય તો તેની તપાસ તેઓને કરવાની હોય છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે આ કેસ બાબતે તેમની કોઇ પૂછપરછ કરેલ નથી અને પોલીસે જે મુસાફરોની ખરાઇ કરવા અંગેનો પત્ર લખેલો તેની સાથે કોઇ પાસ મોકલેલા હોય તેવું બનેલ નથી અને તેઓએ જે જવાબ કરેલો તે જવાબમાં પણ તેઓએ કોઇ આઇ કાર્ડ કે પાસની કોપી વેરીફાઇ કરીને મોકલેલ હોય તેવું બનેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ડુપ્લીકેટ પાસ બાબતે ફરિયાદી કે પોલસ અધિકારી આ કામના આરોપીઓને તેઓની પાસે લઇ આવેલ હોય કે તેઓને તેની કોઇ પૂછપરછ કરેલ હોય તેવું બનેલ નથી. સાહેદ ભુપેન્દ્રભાઇ બનાવ બાબતે કોઇ જાતમાહિતી ધરાવતા નથી. આંક-૫૯ વાળા સાહેદ પુરીબેન લખમણભાઇના પુરાવાથી બાંટવા ડેપો તરફથી કોઇપણ પાસ ઇસ્યુ થયેલ ન હોવાની માહિતી આપેલ હોવાનું જણાવે છે, પરંતુ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાસ ઇસ્યુ કરવા બાબતે તેમને જૂનાગઢ ઓફિસમાંથી અભિપ્રાય આપવા બાબતે કોઇ લેખિત જાણ કરવામાં આવેલ નથી અને વ્યકિતગત રીતે ડેપો મેનેજરના હોદ્દાની રૂએ તેમની સહીથી કોઇ માહિતી જૂનાગઢ ડેપો મેનેજરને કે પોલીસને આપેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને જે તપાસ સોંપવામાં આવેલી તે સંદર્ભે કોઇ દસ્તાવેજ તેઓએ. એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને જે કહેવાતા બોગસ કે બનાવટી પાસ મળેલા તે કોઇ સીલબંધ હાલતમાં મળેલ ન હતા કે તે બાબતનું કોઇ પંચનામું પણ કરવામાં આવેલ ન હતું. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બસના જે તે સમયના મુસાફરોના કોઇ નિવેદન લીધેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બસ સ્ટેશનમાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ કબજે કરી આ કામે રજૂ કરેલ નથી. જયારે તપાસનીશ અધિકારી સરોજબાળા અમૃતલાલ સાંગાણીની ઉલટતપાસની હકીકત ધ્યાને લઇએ તો એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓ જે

તે દિવસે સ્કૂલમાં ગયેલ હોય અને સ્કૂલના કોઇ કર્મચારીનું નિવેદન લીધેલ હોય તેવું બનેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બંને આરોપીઓ જે તે સમયે જૂનાગઢમાં હોવા અંગેનો કોઇ દાર્શનિક પુરાવો પણ આ કામે રજૂ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બંને આરોપીઓએ બસમાં પડતી અગવડતા અંગે એસ.ટી. ડેપોમાં અરજી કરેલ હતી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવટી ખોટા પાસ આરોપીઓ પાસેથી કબજે લીધા હોય તે અંગેનો કોઇ પુરાવો આ કામે રજૂ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવટી પાસ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવું બનેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવટી પાસમાં આરોપીઓના હસ્તાક્ષર કે સહીના નમૂના પૃથ્થકરણ અર્થે લીધેલ હોય તેવું પણ બનેલ નથી તેમજ આરોપીઓમાંથી કોઇપણ આરોપીએ કોઇપણ વ્યકિતની બોગસ સહી કરી હોય કે કોઇ ખોટા દસ્તાવેજ બનાવી કોઇપણ વ્યકિતની મિલકત પડાવી લીધેલ હોય તેવું બનેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે બસમાં મુસાફરી કરતા પ્રતિવાસીઓ કે જૂનાગઢમાં રહેતા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ હોય તેવું બનેલ નથી માત્ર એસ.ટી. વિભાગના કર્મચારી અને અધિકારી તથા માણાવદરના સાહેદના નિવેદન લીધેલ છે.

(૨૬) આ હકીકત સાથે સદરહુ મુસાફર પાસ કોના દ્વારા, કેવી રીતે અને કયાં બનાવેલ હતા તે સંબંધિત પુરાવો પણ ધ્યાને લેવી જરૂરી બની રહે છે. જે સંબંધે જોવામાં આવે તો ફરિયાદ પક્ષે આંક-૧૯ થી સાહેદ ભરતભાઇને તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓના પુરાવાથી આરોપી નં.૩ તેમની ઝેરોક્ષની દુકાને એસ.ટી. બસના પાસની કલર પ્રિન્ટ કઢાવેલ હોય અને તે પેટે પાસ દીઠ રૂા.૫૦/- ઉઘરાવેલ હોય અને રૂપેનભાઇએ પાસ તેમના વિધાર્થી મિત્રને શાળામાં જમા કરાવવાના હોય તેવું કહી તેમની પાસે કોઇ પાસમાં સુધારા વધારા કરાવેલ હોય તેવું બનેલ નથી અને આરોપી રૂપેને તેની જાતે કોઇપણ સુધારા વધારા કરેલ છે કે કેમ ? તે બાબતે તેઓને કોઇ અંગત માહિતી

નથી તેવું જણાવે છે. બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રૂપેનભાઇએ તેમના મોબાઇલ ઉપર કોઇ પાસની પી.ડી.એફ. મોકલેલ હોય કે તેની ઝેરોક્ષ કરેલ હોય કે તેવા કોઇ પાસનો ગેરઉપયોગ કરેલ હોય તેવું બનેલ નથી. તે જ રીતે આંક-૩૧ વાળા સાહેદના પુરાવાથી માણાવદર મુકામે તેઓને ઝેરોક્ષની દુકાન આવેલ હોવાનું જણાય આવે છે પરંતુ તેઓને બનાવ અંગેની કોઇ જાતમાહિતી નથી અને તેઓએ કે તેમની દુકાનમાં કામ કરતા ભરતભાઇએ રૂપેનભાઇને એસ.ટી. બસના ડુપ્લીકેટ પાસ બનાવી આપેલ હોય તેવું પણ કયારેય બનેલ નથી. બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીને એસ.ટી. પાસની કલર ઝેરોક્ષ કરવામાં કે ડુપ્લીકેટ પાસ બનાવવા કોઇ મદદ કરેલ નથી કે કોઇ ઝેરોક્ષ કરી આપેલ નથી.

(૨૭) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા આરોપી પાસેથી કબજે લેવાયેલ પાસ બનાવટી હતા તેવું રેકર્ડ ઉપર લાવેલ છે, પરંતુ સદરહુ બનાવટી પાસ આ કામના આરોપીઓ દ્વારા બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરેલ હોય તેવો કોઇ સબળ કે પ્રબળ પુરાવો આ કામે રજૂ થયેલ નથી. ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ કરેલ છે અને જે અન્વયેનું તહોમત ફરમાવવામાં આવેલ છે ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮ નો ગુનો સાબિત કરવા ફરિયાદ પક્ષ તરફે આરોપી દ્વારા ખોટા દસ્તાવેજ બનાવવા, કૂટલેખ કરવું અને ઠગાઇ કરવી તે હકીકત સાબિત કરવી જરૂરી છે, પરંતુ ઉપર જણાવ્યા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા આ કામના આરોપીઓ વિરૂધ્ધ સદરહુ કલમના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તે જ રીતે ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૭૧ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ કરેલ છે અને જે અન્વયેનું તહોમત ફરમાવવામાં આવેલ છે ત્યારે સદરહુ ગુનો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ દ્વારા બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવામાં આવેલ છે તે હકીકત સાબિત કરવી જરૂરી છે, પરંતુ ઉપર જણાવ્યા મુજબ

ફરિયાદ પક્ષ આરોપીઓએ કોઇ કૂટલેખન કરેલ હોવાનું સબળ કે પ્રબળ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. તે જ રીતે ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૧૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ કરેલ છે, જે અન્વયેનું તહોમત ફરમાવવામાં આવેલ છે ત્યારે સદરહુ ગુનો સાબિત કરવા ફરિયાદ પક્ષ તરફે ગુનો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી હતી તે હકીકત સાબિત કરવી જરૂરી છે, પરંતુ આરોપીઓ સામે મુખ્ય ગુનાઓ પુરવાર થયેલ ન હોય ત્યારે કલમ-૧૧૪ અન્વયેનો ગુનો બને છે કે કેમ ? તે નિર્ણિત કરવું અસ્થાને છે. વધુમાં આ કામે પાસ કબજે કર્યાનું પંચનામું કરેલ નથી કે પાસ એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે મોકલેલ નથી. તેમજ ગુનો અને ગુનાને સાંકળતી સાંયોગિક પુરાવાની કડી પણ પરિપૂર્ણ થતી નથી ત્યારે ફરિયાદી અને સાહેદોના પુરાવાથી આ કામના આરોપીઓની સંડોવણી હોવાની હકીકત ફલિત થતી નથી. તેવા સંજોગોમાં આરોપીઓએ અન્ય આરોપીની મદદગારીમાં ડુપ્લીકેટ પાસ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થતી નથી. આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર થતા નથી અને આરોપીઓની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થાય છે. ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇ મુજબ આરોપી વિરૂધ્ધ શંકારહિત કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે, પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવાથી આરોપીઓની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થાય છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. જેથી આ કામે ફરિયાદ પક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના કૈલાશગૌર વિરૂધ્ધ સ્ટેટ

ઓફ આસામ, એ.આઇ.આર. ૨૦૧૨ એસ.સી. ૭૮૬ તથા સૂચિત વિશ્વાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇએ તો,

It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. Narendra Singh ans Anr vs State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Bhramajeetsingh Sharma Vs State of Mahasrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan vs. Rama S Raghuraman. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." In the case of Sujit Biswas Vs State of Assam ABC 2013(11) 13 SC Hon'ble Supreme Court held that Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be’ proved, and something that `will be proved’. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be’ and `must be’ is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not(60) take the place of legal proof. The large distance between `may be’ true and `must be’ true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be’ true and `must be’ true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of

justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense. (Vide: Hanumant Govind Nargundkar & Anr. v. State of M.P., AIR 1952 SC 343; State through CBI v. Mahender Singh Dahiya, AIR 2011 SC 1017; and Ramesh Harijan v. State of U.P., AIR 2012 SC 1979).

(૨૮) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી નં.(૧) ગોપાલભાઇ મસરીભાઇ કંડોરીયા, રહે. દેસીંગા, નં.(૨) અભયભાઇ જગદિશભાઇ કંડોરીયા, રહે. દેસીંગા અને નં.(૩) રૂપેન હરેશભાઇ રાઠોડ, રહે. સણોપસરા વાળાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૩૭(એ) અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

(૩) સદર કામે આંક-૨ અને આંક-૩ ની મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)